# A. G. Teachers College

Navrangpura, Ahmedabad-380009
Managed by The Ahmedabad Education Society
NAAC Reaccredited with Grade "A" (CGPA 3.30)

## Eco-club વાર્ષિક પ્રવૃત્તિ અહેવાલ

**એ.જી. ટીચર્સ કોલેજ Eco-club દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓનું આયોજન વર્ષ : 2020-21 દરમ્યાન કરવામાં આવ્યુ હતું.**

### 1. પ્રવાહ પલટાવનાર પ્લાસ્ટિક ચેલેન્જ (Plastic tide Turners Challenge) February 2021

ભારત સરકારના પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના નૅશનલ ગ્રીન કૉર્પ્સ (એન.જી.સી.) કાર્યક્રમમાં ઉત્તરોતર નવા આયામો ઉમેરાઈ રહ્યા છે. જેમાં United Nations Environment Programme (UNEP) પ્રરિત Tide Turner Plastic Challenge Programme ની શરૂઆત કરવામાં આવી છે. ટાઈડ ટર્નર્સ પ્લાસ્ટિક ચેલેન્જ, ગ્લોબલ યુથ મૂવમેન્ટમાં એ.જી. ટીચર્સ કોલેજના સેમેસ્ટર -2 અને સેમેસ્ટર -4 ના કુલ 100 (50+ 50) તાલિમાર્થીઓએ ભાગ લીધો હતો. તે પૈકી 70% વિદ્યાર્થીઓએ **ટાઈડ ટર્નર્સ પ્લાસ્ટિક ચેલેન્જ** પૂર્ણ કરી પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા છે.










### 2. નિબંધલેખન સ્પર્ધા (Essay Writing Competition) March 2021

Eco-club દ્વારા આયોજીત નિબંધ લેખન સ્પર્ધા માટે "**પર્યાવરણને આપો માન**" અને "**વૈશ્વિક સમસ્યા: પ્લાસ્ટીક પ્રદૂષણ**" બે વિષય પસંદ કરવામાં આવ્યા હતા. નિબંધ લેખન માટે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, અથવા સંસ્કૃત પૈકી કોઈ એક ભાષામાં નિબંધ લેખન જમા કરાવવાનો હતો. ગુજરાત રાજ્યની વિવિધ કોલેજો પૈકી કુલ 31 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી 21 ગુજરાતી, 8 અંગ્રેજી, 1 હિન્દી અથવા 1 સંસ્કૃત ભાષાના નિબંધ પ્રાપ્ત થયા હતા. સ્પર્ધાના પ્રતિભાગીઓ દ્વારા મોકલેલ નિબંધ ( PDF ) તપાસવા માટે 10 વિષય નિષ્ણાત અધ્યાપકશ્રીઓની તજજ્ઞતાનો લાભ લેવામાં આવ્યો હતો અને સ્પર્ધામાં ભાગ લેનાર તાલીમાર્થીઓએ મોકલેલ નિબંધોમાંથી શ્રેષ્ઠ 3 નિબંધો નિર્ણાયકશ્રીઓ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર વિજેતાઓને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. દરેક સહભાગીને ઈ-પ્રમાણપત્ર આપવામાં આવ્યુ.









## 3. સ્લોગન લેખન પ્રવૃત્તિ ( Slogan Writing Activity)  March 2021

એ.જી. ટીચર્સ કોલેજ Eco-club દ્વારા સ્લોગન લેખન પ્રવૃત્તિનુ આયોજન કરવામા આવ્યુ હતું. સેમેસ્ટર -2 અને સેમેસ્ટર -4 ના તાલિમાર્થીઓને 6x8 inches સાઈઝ ડ્રોઈંગ પેજ આપવામાં આવ્યુ. અને તેના પર **" વીજળી બચાવો" , " પાણી બચાવો", "વૃક્ષોનું જતન કરો", " સ્વચ્છતા", " પર્યાવરણ"** અને **" સ્વાસ્થ્ય"** પૈકી કોઇ એક વિષય પર સ્લોગન લખવું. વિદ્યાર્થીઓ પોતાની સર્જનાત્મકતાનો ઉપયોગ કરી મોટા અક્ષરોથી ,વિષય અનુરૂપ કાર્ટુન કે ચિત્ર દોરી અથવા કમ્પ્યૂટરાઇસ સ્લોગન લખવા. સ્લોગન બની ગયા પછી તેનું લેમીનેશન કોલેજ દ્વારા કરાવવામા આવ્યું અને તેનો ઉપયોગ કૉલેજ કેમ્પસમાં કરવામા આવ્યો છે જેથી પર્યાવરણીય જાગૃતિ લાવી શકાય.









| | |
|---|---|
| **Dr. R.C.Patel** | **Dr. K.H. Yadav** |
| Prof. In-charge Eco-club | Offg. Principal |
| A.G.Teachers College | A.G.Teachers College |